# રાજ્યમાં જીએસટી કલેક્શનમાં ૩૨ ટકાનો ઉલ્લેખનીય ઘટાડો

**એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન ઘટાડો નોંધાયો : ૫૫ દિવસના લોકડાઉનના કારણે ઔધોગિક ઉત્પાદનમાં ઘટાડો થતાં ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સની રેવન્યૂ પણ ઘટી**

ગાંધીનગર, તા.૨૨

૫૫ દિવસના લોકડાઉનના કારણે ઔધોગિક ઉત્પાદનમાં ઘટાડો થતાં ગુજરાતમાં ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સની રેવન્યૂ પણ ઘટી છે. નાણાકીય મંત્રાલયના આંકડા દર્શાવે છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના પહેલા પાંચ મહિના (એપ્રિલ-ઓગસ્ટ)માં જીએસટી કલેક્શનમાં ૩૨ ટકાનો ઘટાડો થયો છે. એટલે કે કલેક્શન ૨૨,૦૫૦ કરોડ રૂપિયા થયું છે, તેની સરખામણીમાં આ જ સમયગાળા દરમિયાન ૨૦૧૯-૨૦માં જીએસટી કલેક્શન ૩૨,૫૦૩ કરોડ રૂપિયા હતું. સંસદના બંને ગૃહમાં આપવામાં આવેલી માહિતી પ્રમાણે, સમગ્ર ૨૦૧૯-૨૦ માટે જીએસટી કલેક્શન ૭૮,૯૨૩ કરોડ રૂપિયા રહ્યું હતું. લોકડાઉન દરમિયાન મેન્યુફેક્ચરિંગ પ્રવૃતિ સ્થિર થઈ ગઈ હતી અને જ્યારે લોકડાઉન હટાવી લેવામાં આવ્યું ત્યારે પણ મજૂરોની અછતના કારણે તે રિકવર થઈ શક્યું નથી. સમયસર પ્રોડક્ટ્સ ડિસ્પેચ ન થાય તો તેની અસર ટેક્સ કલેક્શન પર પણ પડે છે. જીવન જરુરિયાતની વસ્તુઓને છોડીને લોકડાઉન દરમિયાન રિટેલ બંધ થવાનું અન્ય કારણ હતું, જેનાથી જીએસટી રેવન્યૂમાં ઘટાડો થયો છે, તેમ એસોચેમ ગુજરાત સ્ટેટ કાઉન્સિલના કો-ચેર ચિંતન ઠાકરે જણાવ્યું હતું. લોકડાઉન દરમિયાન આર્થિક ગતિવિધિ પ્રભાવિત થતાં ટેક્સ કલેક્શનમાં પણ ઘટાડો નોંધાયો છે. એપ્રિલ મહિનામાં ટેક્સ કલેક્શન ૮૦% કરતાં ઓછું હતું, તેમ રાજ્ય સરકારના સૂત્રોએ જણાવ્યું હતું. એપ્રિલ, ૨૦૨૦માં રાજ્યનું જીએસટી કલેક્શન ૧,૨૯૬ કરોડ રૂપિયા હતું, જ્યારે ગયા વર્ષે આ જ મહિનામાં ૬,૮૭૪ કરોડ રૂપિયા હતું. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદના પ્રોફેસર સેબેસ્ટિયન મોરિસે કહ્યું કે, ગુજરાત એક ઉત્પાદન આધારિત રાજ્ય છે અને લોકડાઉનના કારણે રાજ્યની રેવન્યૂને ફટકો પડ્યો છે. લોકડાઉન બાદ પણ માગમાં મોટો ઘટાડો થતાં ટેક્સ કલેક્શનને પણ અસર પહોંચી છે. સૌથી રસપ્રદ વાત એ છે કે, સંસદમાં રજૂ કરવામાં આવેલા ડેટા પણ સૂચવે છે કે, ગુજરાત સરકાર એપ્રિલથી જુલાઈ સુધીના જીએસટીના કામચલાઉ વળતરરુપે કેન્દ્ર સરકાર દ્વારા ૧૧,૫૬૩ કરોડ રુપિયાની બાકી ચૂકવણીની મંજૂરી મેળવવાની રાહ જોઈ રહી છે. આનાથી રાજ્ય સરકારને રેવન્યૂની તંગી પડશે, જેનાથી ખર્ચને પણ અસર થશે. જો રાજ્ય સરકાર ઓછો ખર્ચ કરશે તો તેનાથી ગરીબોને નુકસાન પહોંચશે, રોજગારીને નુકસાન પહોંચશે અને તે માગ ઓછી કરવામાં વધારે યોગદાન આપશે.

# રેલવે સ્ટેશન પાછળના દબાણો સ્વેચ્છાએ હટાવાયા

**દબાણો દુર કરવા દબાણકર્તાઓ કામે લાગ્યા : ગઇકાલે કલેકટર અને માર્ગ મકાન વિભાગના અધિકારીઓની બેઠકના અંતે દબાણો જાતે જ દુર કરવા તૈયારી દર્શાવી**





ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના રેલવે સ્ટેશન પાછળ સ્થિત ઝુંપડાના દબાણો દુર કરવા માટે અગાઉ હાથ ધરાયેલા ઓપરેશનનુ સુરસુરિયુ થઈ ગયા બાદ ગઈકાલે જિલ્લા કલેકટર માર્ગ મકાન વિભાગના અધિકારીઓ સાથે સ્થળ પર ગયા હતા જયાં ઝુંપડાવાસીઓની સાથે વાતચીત કરી તેમને સમજાવ્યા હતા જયારે તેમના પ્રશ્નોનુ પણ સરકારી રાહે નિરાકરણ લાવવા માટે ખાત્રી આપી હતી આજે ઝુંપડાવાસીઓ સ્વેચ્છાએ જ દબાણો દુર કરવાનુ શરૂ કરી દીધુ હતુ.

રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી દબાણો અસ્તિત્વ ધરાવે છે. જયારે આ વિસ્તારમાં ખ થી ક માર્ગને જોડતા અન્ડર પાસનુ કામ પણ હાથ ધરાયુ છે. પરંતુ દબાણના લીધે આ કામગીરી હજુ બાકી છે. અન્ડરપાસના એક છેડાનુ કામ લાંબા સમયથી અપુર્ણ છે. થોડા દિવસો અગાઉ તંત્ર દ્વારા આ દબાણો દુર કરવા માટે સંયુકત ઝુંબેશ હાથ ધરવાનુ આયોજન કરાયુ હતુ જેમાં કલેકટર, કોર્પોરેશન અને માર્ગ મકાન વિભાગની ટીમ દ્વારા આ દબાણો દુર કરવા માટે બુલડોઝર સાથે ટીમ પહોંચે તે પુર્વે જ દબાણકારો હાઈકોર્ટ સુધી પહોંચી ગયા હતા. જયારે દબાણો દુર કરવા સ્થળ પર પહોંચેલા જે સી બીના પૈડા થંભી ગયા હતા. જયારે દબાણો દુર કરવાનો કાર્યક્રમ પણ મોકુફ રાખવામાં આવ્યો હતો જયારે આ પ્રશ્નને અનુલક્ષીને ગઈકાલે માર્ગ મકાન વિભાગના અધિકારીઓ સાથે કલેકટરે સ્થળ મુલાકાત લીધી હતી આ દરમિયાન દબાણકર્તાઓ સાથે વાતચીત કરી હતી. દબાણકર્તાઓને સાંભળ્યા હતા જયારે તેમના પ્રશ્નોનુ સરકારી રાહે નિરાકરણ લાવવા માટે પણ ખાત્રી આપી હતી. આ દરમિયાન જે લાભાર્થીઓને કોલવડા ઝુંપડા આવાસમાં મકાનોની ફાળવણી કરવામાં આવી છે તેમને આ ઠેકાણે રહેણાંક માટે જતા રહેવા માટે પણ સુચના આપવામાં આવી હતી જયારે આ મુજબ નહીં કરવામાં

● અનુસંધાન પાન-૭ પર



**કોરોના વાયરસ સંક્રમણની હેલીમાં સ્વિમિંગ પુલ 'કોરા ધાકોર..!!!**

આ વર્ષે રાજ્યભરમાં ચોમાસુ એવુ ભરપુર વરસ્યું કે ચારેકોર પાણી-પાણી થઈ ગયું. અનેક ઠેકાણે તો પુરની સ્થિતિ સર્જાઈ અને શેરીઓથી માંડી ખેતરો સુદ્ધાં સ્વિમિંગ પુલમાં ફેરવાઈ ગયાં હોય તેવાં દશ્યો પણ જોવા મળ્યાં. જોકે હવે આ પાણી તો ઓસરી ગયાં છે પરંતુ જ્યાં બારેમાસ પાણી ભરેલા રાખવા પડતાં હતા તેવો શહેરના જીમખાનાના સ્વિમિંગ પુલની હાલત અત્યારે સાવ 'કોરી ધાકોર' જોવા મળી રહી છે કેમકે હજુ પણ કોરોના વાયરસ સંક્રમણની 'હેલી' જે સાત મહિનાથી ચાલી રહી છે તે અટકવાનું નામ લેતી નથી..!!

# વરસાદમાં ધોવાણ થયેલા શહેરના માર્ગોનુ પેચવર્ક હાથ ધરાયુ

**વરસાદી દિવસોમાં સતત પાણી ભરવાથી નગરના માર્ગો ઉબડ ખાબડ બન્યા**

ગાંધીનગર તા ૨૨

શહેરના માર્ગો પર વરસાદી દિવસોમાં સતત પાણીનો ભરાવો થતા રસ્તાઓનુ ધોવાણ થયુ છે. જયારે વરસાદી દિવસોમાં માર્ગો પર મોટા ગાબડા પડી જતા કેટલાક ઠેકાણે જોખમી સ્થિતિ પણ ઉભી થઈ હતી જો કે તંત્ર દ્વારા ગાબડા પુરવાનુ કામ હાથ ધરાયા બાદ માર્ગો પરના પેચીસ દુર કરવા માટે પેચવર્કનુ કામ હાથ ધરાયુ છે. શહેરના માર્ગો પર પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે.શહેરના માર્ગો વરસાદના લીધે ઉબડ ખાબડ બન્યા છે. ઉબડ ખાબડ માર્ગોના લીધે શહેરીજનો પરેશાન છે. વરસાદી દિવસો દરમિયાન માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે માર્ગોના ધોવાણના લીધે ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવવાની સાથે માર્ગો પર પેચીસ પડી ગયા છે. શહેરના મુખ્યમાર્ગો પર કેટલાક ઠેકાણે સરફેસ ઉબડ ખાબડ બની છે જયારે સેકટરોના આંતરિક વિસ્તારના રસ્તાઓ વરસાદી પાણીના લીધે ખરબચડા બન્યા છે. જુના સેકટરોમાં તો કેટલાક માર્ગોનુ કામ નિયત સમયના અંતે પણ હાથ ધરાયુ નથી. શહેરના માર્ગોની સુધારણાનુ કામ વરસાદી દિવસોમાં બંધ હતુ જયારે હાલ શહેરના મુખ્ય ગ માર્ગને સિકસલેન કરવાની કામગીરી ચાલી રહી છે. જયારે શહેરના માર્ગોનુ પણ સમારકામ હાથ ધરાયુ છે. શહેરના માર્ગો પર પેચીસ પડી ગયા હોય તેને યોગ્ય રીપેર કરવા માટે પણ તંત્ર કામે લાગ્યુ છે. જયારે આગામી દિવસોમાં બાકી રહેતા માર્ગોના સરફેસીંગનુ કામ પણ હાથ ધરાશે. ચોમાસા દરમિયાન સતત વરસાદના લીધે શહેરના માર્ગો પર પાણી ભરાઈ જતા આ સ્થિતિ થઈ છે. આગામી દિવસોમાં જરૂર મુજબ માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ હાથ ધરાશે.

# ૩ વર્ષની બાળકીથી લઈ ૮૧ વર્ષીય વૃદ્ધ સંક્રમિત થયા

**જિલ્લામાં ૨૨ કેસ નવા નોંધાયા : ગાંધીનગરમાં ૧૭, દહેગામમાં ૧ અને કલોલમાં ૪ કેસ : ૧૭૪૮ દર્દીઓ કોરોનામુક્ત થયા**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૨ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં ૩ વર્ષની બાળકીથી લઈ ૮૧ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ સઘન સર્વેલન્સ ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ કન્ટેનમેન્ટ એરિયાના અમલીકરણ માટેની કડક તાકીદ કરી છે. સોશિયલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોય ત્યાં દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં ૧૭, દહેગામમાં ૧ અને કલોલમાંથી ૪ કેસ આજે મળી આવ્યા છે. સેમી અર્બન વિલેજીસમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગરના વાવોલ, અડાલજ, કુડાસણમાંથી આજે ૩-૩ કેસ મળ્યા છે. આ ઉપરાંત આલમપુર મિલીટ્રી સ્ટેશનમાં આજે વધુ ૪ જવાનો સંક્રમિત થતાં તંત્રની ચિંતા વધવા પામી છે.

વાવોલ ગામેથી આજે ૨૭ વર્ષીય માતા અને ૩ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૨૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

રાંધેજા ગામેથી આજે ૪૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજ ગામેથી આજે ૩ કેસ નોંધાયા છે. અડાલજમાંથી ૭૦ વર્ષીય વૃદ્ધ, ૮૧ વર્ષીય વૃદ્ધ તેમજ ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ભાટ ગામેથી ૭૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બે પુરૂષ અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. કુડાસણમાંથી ૪૧ વર્ષીય પુરૂષ, ૩૭ વર્ષીય પુરૂષ અને ૩૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણ ગામેથી ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાં આજે વધુ ૪ જવાનો સંક્રમિત થયા છે. જેમાં ૩૮ વર્ષીય, ૪૬ વર્ષીય, ૩૧ વર્ષીય અને ૩૫ વર્ષીય જવાનનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના એક જ દિવસમાં ૨૧ કેસ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૧ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. એક જ દિવસમાં શહેરમાં છેલ્લા એક માસમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૧૧૬૯ થઈ છે. આવ્યા હોવાથી તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

શહેરમાં તંત્રએ રેપીડ એન્ટીજન ટેસ્ટની સંખ્યા પણ વધારી છે આ ઉપરાંત શહેરમાં સર્વેલન્સ સઘન બનાવવાની સૂચનાઓ અને અમલીકરણ અંગેની કડક તાકીદ પણ કરવામાં આવી છે.

**આજે જીઈબી કોલોની, સે. ૩૦, સે. ૨, સે. ૨૩, સે. ૨૬, સે. ૨૪, સે. ૬ અને સે. ૭ માંથી બે-બે કેસ ઉપરાંત સે. ૨૦, સે. ૩, સે. ૨૨, સે. ૫, સે. ૮ માંથી કેસ મળી આવ્યા**

આજે જીઈબી કોલોની, સે. ૩૦, સે. ૨, સે. ૨૩, સે. ૨૬, સે. ૨૪, સે. ૬ અને સે. ૭ માંથી બે-બે કેસ ઉપરાંત સે. ૨૦, સે. ૩, સે. ૨૨, સે. ૫, સે. ૮ માંથી કેસો મળી આવ્યા છે.

કોરોનાનું સંક્રમણ તેના ત્રીજા સ્ટેજમાં પ્રવેશી ચુક્યુ છે તેનો સત્તાવાળાઓ જાહેરમાં સત્તાવાર રીતે એકરાર નથી કરતા પણ ખાનગીમાં સ્વીકારતા થયા છે. આજે સતત બીજે દિવસે પણ શહેરના તમામ ખૂણેથી કેસો મળી આવી છે.

ગાંધીનગરના સીમાડે આવેલ જીઈબી કોલોનીમાં આજે બે વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. ૧૨ વર્ષીય વિદ્યાર્થી અને ૧૭ વર્ષીય વિદ્યાર્થી સંક્રમિત થયા છે અને બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૦ માંથી એક ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૧ સ્થિત મેઈન પોસ્ટ ઓફસમાં ઓફિસ આસિ. તરીકે ફરજો બજાવતા અને સે. ૩૦ માં રહેતા ૪૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૩૦ માં રહેતા એક ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી પણ આજે બે કેસ મળ્યા છે. જેમાં એક ૬૧ વર્ષીય નિવૃત્તનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૭૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અમદાવાદમાં નાયબ મામલતદારની ફરજ બજાવતા

● અનુસંધાન પાન-૭ પર

## નગરની પોષ્ટ કચેરીમાં એક કર્મચારીને કોરોના બે દિવસ કામકાજ બંધ રાખવા નિર્ણય

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. કોરોનાના સંક્રમણથી બચવા નાગરિકો માસ્ક તેમજ સોસિયલ ડીસ્ટન્સીંગ અપનાવી રહ્યા છે. પરંતુ રોજબરોજ સામે આવતા નવા કેસના લીધે કોરોનાનો કહેર વધ્યો હોવાની સાથે આમ નાગરિકોમાં મહામારીને અનુલક્ષી ભય વધ્યો છે. બીજીતરફ શોપિંગ બજારની સાથે નગરમાં સ્થિત અનેકવિધ કચેરીઓમાં પણ મુલાકાતીઓની વિશેષ અવરજવર જોવા મળી રહી છે. ત્યારે કોરોનાનુ સંક્રમણ વધુ ફેલાઈ રહ્યુ છે. નગરની સરકારી કચેરીઓમાં પણ કોરોનાનો કેસ આવતા અન્ય કર્મચારીઓ કોરન્ટાઈ થઈ જાય છે. જયારે કચેરીઓનો સ્ટાફ પણ પોતાના ઘરેથી જ કામ નિપટાવે છે. નગરની ડિવીઝનલ પોસ્ટ કચેરીમાં એક કર્મચારીને કોરોના પોઝીટીવ આવતા ૪૮ કલાક માટે કચેરીનુ કામકાજ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. શહેરમાં સ્થિત અનેક વિધ સરકારી કચેરીઓમાં કર્મચારીઆને પણ કોરોનાનુ સંક્રમણ લાગી રહ્યુ છે. અગાઉ માર્ગ મકાન વિભાગની સર્કલ કચેરીમાં એક મહીલા કર્મચારીને પણ કોરોનાનુ સંક્રમણ લાગતા કચેરીનુ કામકાજ ઠપ્પ થઈ ગયુ હતુ. શહેર જિલ્લામાં કોરોનાના સંક્રમણથી બચવા માટે ભીડ એકત્રિત ન થાય તે માટે પણ અવારનવાર સુચના આપવામા આવે છે. આ ઉપરાંત કર્મચારીઓને પણ વિશેષ તકેદારી રાખવા માટે સુચવાયુ છે. ત્યારે નગરની બેંકોમાં પણ કોરોનાના સંક્રમણથી બચવા માટે ઓછા મેનપાવર સાથે કામ ચલાવવુ પડે છે. પોષ્ટ કચેરીમાં પણ એક કર્મચારીને કોરોના થતા અન્ય કર્મચારીઓમાં પણ ભય પ્રવર્તયો છે. જેના લીધે પોષ્ટ કચેરીનુ કામકાજ બે દિવસ બંધ રાખવા માટે પણ નિર્ણય લેવાયો છે.

# આલમપુર મિલીટ્રી સ્ટેશનની મુલાકાત લઈ સર્વગ્રાહી સમીક્ષા કરાઈ

**મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સોલંકીએ મુલાકાત લઈ ક્વોરન્ટાઈન વ્યવસ્થા સઘન કરવા સૂચવ્યુ**

ગાંધીનગર, તા. ૨૨

આલનપુર નજીક આવેલ મિલીટ્રી સ્ટેશનમાં કોરોના માટે ક્વોરોન્ટાઈનની સઘન વ્યવસ્થા કરવામાં આવે તેને લઈ જિલ્લા આરોગ્યતંત્રએ ખાસ ભાર મુક્યો છે.

આજે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ ત્યાં વધતા જતા સંક્રમણના કેસોને પગલે ત્યાં દોડી ગયા હતા અને વિવિધ સંકુલોના સત્તાવાળાઓ સાથે બેઠક કરી હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સોલંકીએ રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવા પર ભાર મુકી જરૂરી કીટો પુરી પાડવાની પણ ખાત્રી આપી હતી. તેમણે આ સત્તાવાળાઓને આયુર્વેદ ઉકાળાનું સેવન કરવા ઉપરાંત હોમિયોપેથીની દવા શમશમવટીનો જથ્થો પણ પુરો પાડવાની તૈયારી દર્શાવી હતી.

ડૉ. સોલંકીએ તેમની આ મુલાકાત દરમ્યાન તબીબી સહયોગ સંપૂર્ણ જિલ્લાતંત્ર તરફથી મળશે તેવી પણ ખાત્રી આપી હતી.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી છેલ્લા થોડાક દિવસોથી કેસો વધુ મળી રહ્યા હોવાથી તેમણે આજે સ્થળ તપાસ કરી અને ઉભી કરાયેલી સુવિધાઓની પણ સમીક્ષા કરી આ બધા સૂચનો કર્યા હતા જેનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com